શિવા ને સૂન્ની વચ્ચે કટ્ટરતાનો આ કલહ છે
નેસ ને પ્રિતી જેવો જ આ કૌટુંબિક કલહ છે,
કલહ હોય છે સદાય, સત્તા અને સમૃદ્ધિ માટે -
ચિંતા જગતને 'રેડાય તેલ' નો આ કલહ છે..

હાઈકુ

'કલ્ચરલ'માં
જીવન જીવવાનો
મળે છે 'અર્ક'
(ફેલાય 'ફોરમ')

દિલ્હી રાજયમાં
શાંત પાણીની નીચે
લે છે ઘૂમરી..
(ખરીદ-ફરોખ)

ચિંતન

રત્નૈ મહા હૈસ્તુતુષુર્ન દેવાઃ ન ભેજિરે ભીમ વિશેષ ભીતિ ।
સુધાં વિના ન પ્રયયુર્વિરામમ્ ન નિશ્ચિ તાર્થાદ્વિરમન્તિ ધીરાઃ ॥

'અતિ મૂલ્યવાન રત્નો મળવા છતાં પણ (સમુદ્રમંથન કરતા) દેવતાઓ સંતુષ્ટ ન થયા અને ભયંકર કાલકૂટ ઝેર નિકળતાં પણ દેવતાઓ ડરી-થાકી ન ગયા, જયાં સુધી સમુદ્રમંથનમાંથી 'અમૃત' ન મળ્યું ત્યાં સુધી કામ કરતાં જ રહ્યા - એવી જ રીતે ધીરજવાન અને કર્મનિષ્ઠ લોકો અંતિમ ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી નક્કી કરેલા કાર્યથી કદાપિ પીછે હઠ કરતા નથી.'

એક વાર ધ્યેય-લક્ષ્યાંક-હેતુ નક્કી કર્યા પછી ક્યારેય પણ પીછેહઠ ન કરવી જોઇએ ગમે તેટલા અવરોધ-વિરોધ આવે છે મક્કમ મનોબળની હાથમાં લીધેલું કામ પુરૂં કરવું જ જોઇએ. કેટલાક લોકો 'દ્વિધા'ના સ્વભાવવાળા હોય છે 'આ કરું - ન કરું'ની દ્વિધામાં કોઇ કાર્યમાં ઝંપલાવતા નથી કે પુરૂં કરતા નથી એટલું જ એમની આસપાસના સાથીદારો પણ તે પોતાના સ્વભાવથી દ્વિધા અને આળસમાં મૂકી દે.

આત્મવિશ્વાસ અને મક્કમ મનોબળથી જ જિંદગીમાં સફળતા મળે છે.

સુવિચાર

- ગુરૂની સામે તમારી વિંધાવાની તીવ્ર ઇચ્છા જરૂરી છે.. જો એ તાલાવેલી હોય તો જ ગુરૂની નજર તમારી અંદર તીરની જેમ ઉતરી જાય છે, અને તમારા ચોર્યાસી લાખ જન્મોને તારી દે છે **- મોરારી બાપુ**
- અહંકાર ને હંમેશા કોઇ બીજાની આંખે મોટા થવાની ઇચ્છા હોય છે.. એ પોતાની આંખે મોટો થતો નથી થતો.. અહંકાર ખરેખર પરવશ હોય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- પગની નીચે હતો ખજાનો.. કંઇક ભીંતર જ હતું ઝળહળ... અને છતાંયે ક્યાં ક્યાં દોડ્યા? દશે દિશામાં છાનોમાનો... **- રાજેષ વ્યાસ**
- જેવી રીતે વાદળનું સ્વચ્છ આકાશ હોઇ શકે.. ખુબ સુંદર જોતા જ રહીએ આકાશને બસ એવી જ રીતે વિચારો વગરનું મન હોઇ શકે **- રજનીશ**
- અબ ખુશી હી ખુશી હૈ કી ન કોઇ દર્દ રૂલાનેવાલા... હમને અપના લિયા હૈ હર રંગ ઝમાને વાલ. **- નિદા ફાઝલી**
- હસી હસીને કરેલા પાપની સજા રડી રડીને ભોગવવી જ પડશે એ ધ્યાન રહે **- ફ્રાન્સીસ બેકન**
- કોઇ વિરાટ શક્તિ આ દુનિયા ચલાવે છે.. એના સ્પંદનનો અનુભવ અને વિશ્વાસ એટલે ધર્મ **- ધર્મસૂત્ર**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજે આપણા દેશમાં હજારો-લાખો કાયદા છે એમાં પણ જરૂર પ્રમાણે સુધારા વધારા થતા રહે છે. જુદા જુદા ખાતાં-વિભાગોના પણ પાછા અલગ કાયદા અને અલગ સજા - આમ છતાં બળાત્કારીને સજા, પૂર-વાવાઝોડાં વિશે બનતાં બનાવ વખતે સરકાર કહે છે એવો કોઇ કાયદો નથી 'લોકપાલ'નો હજુ કાયદો બન્યો જ નથી!!

એક રાજાએ પોતાના રાજયમાં એક હજાર બૌધિકોને બોલાવ્યા અને કહ્યું આપણા રાજયમાં જેટલા ગુન્હા બને છે તે બધા માટે કાયદા અને સજા બતાવી સંપૂર્ણ કાયદા બનાવી આવો એવો એક પણ ગુન્હો બાકી ન રહે જેને માટે સજા નિશ્ચિત ન હોય, બે મહિના પછી બૌધિકો હજારો-લાખો કાયદા બનાવી રાજા પાસે આવ્યા. રાજા તો ગુન્હાની યાદી અને કાયદા જોઇ આશ્ચર્યમાં ડૂબી ગયો. મારા રાજયમાં આટલા બધા ગુન્હા થાય છે? આ બધા ગુન્હેગારોને સીધા કેમ કરવા!

રાજાએ પોતાના ચતુર પ્રધાનને બોલાવ્યો અને કહ્યું આ બધા ગુના અને સજા માટે જેમ બને એમ ઓછા કાયદા બનાવી આપ!

પ્રધાને ચાબખા, જેલ અને ફાંસીની ત્રણ સજા રાખી ગુન્હાનું વિભાજન કર્યું. પંદર દિવસમાં રાજયમાં રામ-રાજયની સ્થાપના થઇ ગઇ.. પ્રધાને સાત કાયદા અને ત્રણ સજાની યાદી રાજાને આપી દીધી..

રાજા ખૂશ થઇ ગયો. મોદી સાહેબના પ્રધાનમંડળમાં પાંચ 'વકીલ' છે.

Email - sureshchandrabhatt18@gmail.com

પત્રકાર અને સાહિત્યકાર : તફાવત

સાંપ્રત
રોહિત શાહ

પત્રકાર અને સાહિત્યકાર વચ્ચેનો તફાવત ન સમજતા હોય એવા વાંચકોની સંખ્યા આપણી ધારણા કરતા ઘણી મોટી છે. એવી ગેરસમજ થવાનું મુખ્ય કારણ એ છે કે પત્રકાર અને સાહિત્યકાર બંને જણ શબ્દ પર સવારી કરે છે અને બંને પાસે કલમની તાકાત હોય છે.

હકીકતમાં પત્રકાર અને સાહિત્યકાર વચ્ચે ખાસ્સો મોટો તફાવત હોય છે. પત્રકાર સાંપ્રતમાં જીવે છે, જયારે સાહિત્યકાર સંવેદનમાં જીવે છે. એનો અર્થ એવો નથી કે પત્રકાર પાસે સંવેદન નથી હોતું અને સાહિત્યકારને સાંપ્રત સાથે અણબનાવ હોય છે. પરંતુ પત્રકાર માટે અત્યંત સંવેદનશીલ હોવું એ તેનો દુર્ગુણ ગણાય અને સાહિત્યકાર માટે અત્યંત સંવેદનશીલ હોવુંએ તેનો સદ્ગુણ ગણાય.

પત્રકારત્વ આયનામાં ઝિલાયેલા પ્રતિબિંબ જેવું છે, જયારે સાહિત્ય કેમેરામાં ઝિલાયેલા ફોટોગ્રાફ જેવું છે. પ્રતિબિંબનું અસ્તિત્વ સાંપ્રત પૂરતું જ હોય છે. જયાં સુધી મિરર સામે ઊભા હોઇએ ત્યાં સુધી જ પ્રતિબિંબ હોય છે. ફોટોગ્રાફનું અસ્તિત્વ ચિરંજીવ હોય છે. કેમેરા સામેની હટી ગયા પછી પણ એનું અસ્તિત્વ અકબંધ રહે છે.

સપોઝ, કોઇ બિલ્ડીંગમાં ભીષણ આગ લાગી છે. આ આગમાં આઠ-દસ માણસો બળીને ભડથું થઇ ગયા છે. પત્રકાર એ આગની ભીષણતાનું રિપોર્ટીંગ કરે છે ત્યારે તેણે સહેજ પણ સંવેદનશીલ બન્યા વગર એ ઘટનાને શબ્દોમાં ઉતારવાની છે. આગ કેટલા વાગ્યે લાગી, કેવી રીતે લાગી, કેવી ભાગદોડ મચી ગઇ, કેવી ચિચિયારીઓ પ્રસરી, ફાયરબ્રિગેડ અને પોલીસ ક્યારે આવ્યા, કેટલા લાખનું નુકશાન થયું, દાઝેલા લોકોને કઇ રીતે હોસ્પિટલે ખસેડ્યા વગેરેનું તટસ્થ આલેખન પત્રકારે કરવાનું હોય છે. સાહિત્યકાર એ ઘટનાને છલોછલ સંવેદનાપૂર્વક જુએ છે. તે પત્રકારની જેમ તટસ્થ નથી રહેતો. તેને તરવાનો અને તણાવાનો વિશેષ અધિકાર હોય છે. ભીષણ આગમાં મૃત્યુ પામેલા લોકોની બળતરા સાહિત્યકારને દઝાડે છે. વિધવા થયેલી પત્ની, અનાથ થયેલા બાળકો અને આંક્રંદ કરતી માતાની સંવેદનાથી સાહિત્યકાર તરબોળ થઇને પોતાના અંગત આંસુ પણ ખર્ચી નાખે છે. પત્રકાર તરીકે રિપોર્ટીંગ કરવું કમ્પલ્સરી છે, સાહિત્યકાર માટે સમયની કોઇ પાબંધી નથી હોતી. પત્રકારને વ્યુ પ્રોફેશનલ હોય છે એટલે કઇ દિશામાંથી અને ક્યા એન્ગલથી એ ઘટનાની તસવીરો લેવી એનો વિચાર કરી શકે છે. સાહિત્યકાર તો દુર્ઘટનાથી એટલો બધો દ્રવી ઊઠ્યો હોય છે કે તેને ત્યારે તસવીર પાડવાનું તો યાદ સુદ્ધાં નથી આવતું. પત્રકાર આલેખન કરતી વખતે એમ વિચારતો હોય છે કે વાચકોને કેવી રજૂઆત ગમશે? સાહિત્યકાર પોતાને કેવી અભિવ્યક્તિ માફક આવશે એનો પણ કંઇ વિચાર કરવા નથી બેસતો. એ તો બસ લખતો જાયછે... લખતો જાય છે... શબ્દોને ઘૂંટતો જાય છે... પત્રકાર સભાનપણે લખે છે, શબ્દોની મર્યાદામાં લખવા સભાન હોય છે, વહેલામાં વહેલી તકે લખવાની તેની મથામણ હોય છે. બીજા કોઇ અખબારનો કે મીડીયાનો પત્રકાર આવી પહોંચે તે પહેલાં તે પોતાના અખબાર કે મીડિયા માટે સ્ટોરી કરવા તત્પર હોય છે. સાહિત્યકારને કશી ઉતાવળ નથી હોતી. તેને કશી સ્પર્ધા પણ નથી હોતી.

પત્રકાર ઇરાદાપૂર્વક અને આયોજનપૂર્વક લખતો હોય છે. સાહિત્યકાર લખતો નથી - તેનાથી લખાઇ જતું હોય છે. પત્રકાર પ્રત્યેક મોટી ઘટનાનું આલેખન કરવા ફરજથી બંધાયેલો છે. સાહિત્યકાર માટે એવી કોઇ ફરજ નથી હોતી. તેને ભીંતરમાંથી ધક્કો આવે - સ્ફુરણા જાગે ત્યારે જ તે કલમ હાથમાં લે છે.

આટલા તફાવત ઇનફ નથી. પત્રકાર માટે લખામને સુધારવાની તક ઓછી છે, જયારે સાહિત્યકાર વારંવાર લખાણને મઠારે છે. બંનેની ભાષામાં પોત ખાસ્સાં જુદા હોય છે. હા, આટલા તફાવત વચ્ચે એક સામ્ય પણ છે. પત્રકાર હોય કે સાહિત્યકાર, તે જયારે ભય, લોભ કે આત્મપ્રસિદ્ધિ (લોકેષણા) માટે કામ કરે છે ત્યારે પોતાની સાત્વિકતા અને પ્રામાણિકતા ખોઇ બેસે છે. પત્રકાર અને સાહિત્યકાર કદી કોઇથી ડરતો ન હોય, તેને વધારાનું મેળવી લેવાનો લોભ ન હોય કે પોતાની પ્રતિભાથી બીજાઓને પ્રભાવિત કરવાનો - આંજી દેવાનો મોહ ન હોય ત્યારે જ એ ઉમદા પર્ફોમ કરી શકે છે. ભય, લોભ અને લોખેષણા જેવા તત્વો કલમને બુઠ્ઠી કરે છે અને શબ્દને બોદો બનાવે છે.

કેટલાક લોકો પત્રકાર અને સાહિત્યકારનો ડબલ રોલ પર બખુબી નિભાવે છે. અખબારનાં પૃષ્ઠો પણ પણ તેઓ સાહિત્યની - સર્જકત્વની સુગંધ બિછાવી જાણે છે. એવી કમલનિષ્ઠ પ્રતિભાઓને સંસારને મળતી રહે તો નો પ્રોબ્લેમ.

લીપીડ પ્રોફાઇલ નોર્મલ હોય તો પણ હાર્ટ એટેક આવી શકે ???

માહિતી મંચ
- મહેન્દ્ર ગજ્જર

સામાન્ય રીતે લીપીડ પ્રોફાઇલનો ટેસ્ટ હાર્ટ એટેકના સંદર્ભમાં લોકો જાતે અને ડોક્ટરો પોતાના દર્દીને કરાવતા હોય છે. જેમાં ટોટલ કોલેસ્ટ્રોલ, HDL (સારો કોલેસ્ટ્રોલ), LDL (ખરાબ કોલેસ્ટ્રોલ) ટ્રાયગ્લીસરાઇડ, VLDL જેવા ટેસ્ટ સામાન્ય રીતે કરવામાં આવે છે. જેમાં HDL : LDL ratio અગત્યનાં છે.

સામાન્ય રીતે હાર્ટ એટેક ફેમિલી હીસ્ટ્રી, તમાકુનું સેવન, સીગરેટ, ડાયાબિટીસ, જાડાપણું, કીડનીના રોગ અને બોર્ડર લાઇન / વધુ પડતું લીપીડ વાળા લોકોને આવતો હોય છે. પરંતુ લીપીડ પ્રોફાઇલના ટેસ્ટ નોર્મલ હોવા છતાં ૫૦ % થી વધારે કેસમાં હાર્ટ એટેક આવ્યાના દાખલા ઘણાં સાંભળવા મળે છે તો શું...

- **લીપીડ પ્રોફાઇલનો રીપોર્ટ ખોટો છે?**
- **ડોક્ટરની સારવારમાં ખામી છે?**

ઘણાં વખત સુધી મનોમંથન અને સાયન્સના વધારે પડતાં ઊંડાણ પછી લીપીડ પ્રોફાઇલમાં કંઇક ખુટતું સાબિત થયું અને એ...

- **Apo A_1**
- **Apo B**
- **Lipoprotein a**

Lipoprotein a : લાઇપ્રો પ્રોટીન a એક ચરબીનો એક પ્રકાર છે જે લીવરમાં બને છે સાદો લીપીડ પ્રોફાઇલ ખોરાક અને ઉંમર પ્રમાણે બદલાતો રહે છે. જયારે "લાઇપ્રોપ્રોટીન a" ને ઉંમર તથા ખોરાક સાથે કોઇ નિસ્બત નથી. લાઇપ્રોપ્રોટીન a એ ઇન્ડીપેન્ડેન્ટ રીસ્ક માર્કર છે.

Atherosclerotic Disease (હૃદયમાં રક્ત પહોંચાડતી નળીમાં ચરબીના ક્ષારનું જમા થવું), Ischemic Heart Disease જેવા રોગના નિદાન માટે અને મોનિટરીંગ માટે લાઇપોપ્રોટીન a બહુ જ અગત્યનું માર્કર છે. એવું યુરોપીયન એથ્રોસ્કેરોસીસ સોસાયટી ભલામણ કરે છે.

Apo A_1 અને Apo B : અને Apo A_1 અને Apo B એ સામાન્ય લીપીડ પ્રોફાઇલમાં થતા HDL અને LDL નું પ્યુરીફાઇંગ ફોર્મ છે. એટલે કે HDL અને LDL નો ડીટેલ રીપોર્ટ છે.

જો Apo A_1 અને Apo B નો ratio વધારે હોય તો લીપીડ મેટાબોલીઝમની ખામી, Atherosclerotic Disease) અને કોરોનરી હાર્ટ ડિઝીઝ (હૃદયની નાનામાં નાની ધમનીકાઓમાં થતો રોગ/બ્લોકેજ) વગેરે જેવા રોગ થવાની શક્યતા છે. જે સાદા લીપીડ પ્રોફાઇલમાં પકડાતું નથી.

ગાંધીનગરમાં "શ્રદ્ધાદીપ ગ્રીનક્રોસ પેથોરોલોજી લેબોરેટરી"માં જ આ ટેસ્ટ ફુલ્લી ઓટોમેટીક મશીન પર અધ્યતન ટેકનોલોજીથી કરવામાં આવે છે. જે સવારે ભુખ્યા પેટે (ફાસ્ટીંગ કન્ડીશનમાં) કરવામાં આવે છે.

Normal Range :

Lipoprotein a :	male	: Less then 9.0 mg / dl
	Femele	: Less then 11.0 mg / dl
Apo A_1 :	male	: 104-202 mg / dl
	Femele	: 108-225 mg / dl
Apo B :	male	: 66-133 mg / dl
	Femele	: 60-117 mg / dl

હજુ વધુમાં દર્દીને બચાવી શકાય એ માટે સાયન્સ આગળ વધી રહ્યું છે જેમાં LDL (Sd ldl) અને Apo lipoprotein E Gerotype જેવા ટેસ્ટ પર રીસર્ચ ચાલી રહ્યું છે

જીંદગીમાં આશા અને નિરાશા, પાનખર અને વસંતઋતુ, ભરતી અને ઓટ એ બધું તો ચાલ્યા કરવાનું પણ તેને પ્રેમથી, આત્મબળથી, વિશ્વાસથી પાર કરવાનું છે

ચેતનાનો સમય
- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

'મર્દની મોકાણમાં જાવું ભલે,
કાયરોની જાનમાં ચડવું નથી'

- મકરન્દ દવે

મકરન્દ દવેના કાવ્યો-ગઝલોમાંથી એક સામાન્ય સૂર એવો નીકળે છે કે તેમાં નિરાશા કે નિસાસા નથી તાપ કે સંતાપ નથી પરંતુ પ્રસન્નતા અને આશાના સૂર છે. જીંદગીમાં આશા અને નિરાશા, પાનખર અને વસંતઋતુ, ભરતી અને ઓટ એ બધું તો ચાલ્યા કરવાનું પણ તેને પ્રેમથી, આત્મબળથી, વિશ્વાસથી પાર કરવાનું છે. આવું જ કાંઇક તેમના નિરધાર નામક કાવ્યમાં વાત કરી છે.

"સાચને પડ્યે રહીને ઝૂઝતાં
આપણે પળવાર પણ ખસવું નથી."

કવિએ ગમે તે કપરી પરિસ્થિતિ આવે પણ સત્યના માર્ગને વળગી રહેવાની વાત કરી છે.

"સંકટો, દુઃખો પધારો સ્વાગતમ્
લેશ પણ આ માર્ગથી ચસવું નથી."

જીંદગીમાં ગમે તેટલા સંકટો આવે, દુખો આવે તેને ભલે તમે પધાર્યા કહી આત્મસાત કરી સહન કરી ગભરાયા વગર નિર્ધારિત માર્ગે જવાની વાત કરે છે. માર્ગથી ખસી જવાનું નથી માર્ગને વળગી રહેવાનું છે.

"જાલિમો ને ધૂર્તના પાયે પડી,
કોઇ દી કોઇ મિશે નમવું નથી"

તમારા જીંદગીના માર્ગમાં અવરોધો નાખતા, આડે આવતા જાલિમ લોકો, નઠારા અને ધુતારા લોકોથી ગભરાવાનું નથી તમે નમવાનું નથી તમારા નિર્ધારીત માર્ગે પ્રમાણ કરતા રહેવાનું છે.

"મર્દની મોકાણમાં જાવું ભલે
કાયરોની જાનમાં ચડવું નથી."

જીંદગીમાં મર્દાનગીથી જીવવાનો આમાં સંદેશો છે. કાયરતાવાળી જીંદગી નહિં જીવવાની આમાં વાત છે. મર્દોની મોંકાણમાં જવું સારું પણ કાયરોની જાનમાં કદી નહિં જવાનો સંદેશો છે.

"મોતની મુસકાન મીઠી માણશું,
જિંદગીમાં જીવવા રડવું નથી."

કવિ કહે છે કે મોતને પણ વધાવી લો, મોતના ડરથી જીવવાનું ભુલી નહીં જતા. જિંદગીના સંઘર્ષોમાં હસતા મુખે પાર કરવાના છે. જિંદગીમાં રડતા રડતા જીવવાનું નથી હસતા મુખે જીંદગીને જીવી લેવાની વાત છે. મર્દોની મોંકાણમાં જવું સારું પણ કાયરોની જાનમાં કદી નહીં જવાનો સંદેશો છે.

"મોતની મુસકાન મીઠી માણશું,
જિંદગીમાં જીવવા રડવું નથી."

કવિ કહે છે કે મોતને પણ વધાવી લો. મોતના ડરથી જીવવાનું ભુલી નહિં જતા. જીંદગીના સંઘર્ષોને હસતા મુખે પાર કરવાના છે. જિંદગીમાં રડતા રડતા જીવવાનું નથી. હસમા મુખે જિંદગીને જીવી લેવાની વાત છે.

"પ્રાણ મારા એકલા આગે બઢો,
આજ બોલો 'ના' હવે ડરવું નથી"

હિંમત હાર્યા વગર બીજાનો સાથ સહકાર ભલે ના મળે પારકી આશ સદા નિરાશ એ સૂત્રને વળગી રહીને જિંદગીમાં કપરા માર્ગે આગળ વધવાનો નિર્ધાર કરો.

"જંપ ક્યાં છે? ચેન ક્યાં છે? દંભના,
દંગલો તોડ્યા વિના કરવુંન નથી."

જગતમાં લોકો દંભવાળું જીવન જીવે છે. અંદરથી કાંઇક અને બહારથી કાંઇક એવા દંભના દંગલોને પાર કરવાના છે. દંભના દંગલોને ભેદવાના છે. તોડવાના છે અને જિંદગીના નિર્ધારીત માર્ગે આગળ વધવાનું છે. માનવીને ચેન થી જંપ નથી અને બસ દંભવાનું જીવન જીવે છે તો એવા જીવનને ભેદવાનું છે.

"સાચને પડખે પરાજય હો ભલે
તે છતાં પાછું હવે ફરવું નથી"

કવિ કહે છે કે સત્યના માર્ગને વળગી રહો. સત્યનો માર્ગ ભલે પરાજય આપે પણ એ માર્ગને વળગી રહો. જિંદગીના નિર્ધારીત માર્ગમાં આગળ વધવા માટે હંમેશા સત્યને વળગી રહો. ભલે પછી પરાજય મળે.

કાવ્યનું મથાણું નિરધાર છે. અર્થાત માનવીએ મનોમન નિર્ધાર કરવાનો છે નક્કી કરવાનું છે કવિશ્રીએ નિર્ધાર કાવ્ય દ્વારા માનવીમાં ચેતના જગવતો સંદેશો આપ્યો છે. કે તમારે નિર્ધારીત માર્ગે જવામાં સત્યને વળગી રહેવાનું છે. હિંમત હાર્યા વગર સંઘર્ષોને પાર કરવાના છે. જાલીમ અને ધુતારા લોકોથી ડરવાનું નથી. કાયરતાપૂર્વક નહિં પણ મર્દાનગીથી આગળ વધવાનું છે.

એકલો જાને રે એ સૂત્ર અપનાવી કવિક્ષી કહે છે કે મનોમન નક્કી કરો કે મારે એકલે હાથે જિંદગીના માર્ગે આગળ ધપવાનું છે. દંભને ભેદીને નિર્ધારિત માર્ગે આગળ ધપવાનું છે. સત્યના માર્ગે જવામાં ભલે તકલીફો પડે પણ તમે નિર્ધાર કરો નક્કી કરો કે ગમે તે થાય હું સત્યને વળગી રહીશ.

વરિષ્ટ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ બાબતની કાયદાની કલમ ૪, ૫, ૭, ૮ અને ૯ ગેરબંધારણી ઠરાવવા ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ જાહેર હિતની રીટ

વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

માતા, પિતા અને વરિષ્ટ નાગરિકોના ભરણપોષણ કાયદેસરતાને પડકારતી જાહેર હિતની રીટ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં વરિષ્ટ નાગરિકે દાખલ કરી કાયની કલમ ૪,૫,૭,૮ અને ૯ ને પડકારેલ છે તથા આ કલમોને ગેરબંધારણીય ઠરાવવા તેમજ મહેસુલી અને પોલીસ અધિકારીઓને આ કાયદાની ખાસ તાલીમ આપવા અને દરેક જીલ્લામાં ખાસ ટ્રીબ્યુનલની રચના કરવા સદરહુ જાહેર હિતની અરજમાં દાદ માંગવામાં આવેલ છે.

સીનીયર સીટીઝન પ્રવિણાબા ગોહિલ દ્વારા કરવામાં આવેલી આ જાહેર હિતની રીટમાં જણાવ્યા મુજબ અરજદારની પુત્રી ભારત રસકારના રેવન્યૂ ટ્રીબ્યુનલમાં સેન્ટ્રલ એકસાઈઝ અને કસ્ટમ ખાતામાં જોઈન્ટ કમિશ્નર તરીકે ફરજ બજાવે છે જેઓ ઉચ્ચ હોદ્દા ઉપર હોવા છતાં પોતાની માતાને વારસાઈ મિલ્કતમાંથી બહાર કાઢી મુકેલ છે એટલુ જ નહિ પરંતુ આ પુત્રી તેમની અને તેમના વયોવૃદ્ધ પતિની સારસંભાર કે કાળજી કે ભરણપોષણ કરતા નથી તેથી અરજદાર માતાએ સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં માતા-પિતા અને ભરણપોષણ અને વરિષ્ટ નાગરિકોના કલ્યાણ બાબતના કાયદા અન્વયે અરજી કરી ભરણપોષણના ખર્ચની માંગણી કરતી પીટીશન દાખલ કરેલ છે.

ઉપરાંત અરજદારના પુત્રી કે જેઓ ઉચ્ચ અધિકારી છે તેમણે માતા પિતાને અંધારામાં રાખી અજદારની વડિલોપાર્જીત મિલ્કતનો દસ્તાવેજ પોતાના નામે કરાવી નામે ખાતે કર્યા બાદ પુત્રીએ માતા પિતાની કાળજી બંધ કરી જાકારો આપેલ છે સદરહુ મિલ્કતનો દસ્તાવેજ રદ કરવા પણ માતાએ દાદ માંગેલ છે.

અરજદારે પીટીશનમાં જણાવ્યા મુજબ પોતાની પુત્રી વૃદ્ધ માતાની પુરી જીંદગી અરદારની તથા અરજદારના પતિની જીંદગીભર સેવાચાકરી કરશે તેવી ખાત્રી આપી છેતરપીંડી કરી મિલ્કતો પોતાના નામે ખાતે કરી વૃદ્ધ માતા પિતાને ઘટડાઘરમાં ધકેલી દિધા છે કરોડોની મિલ્કત તથા વારસદાર હોવા છતાં માતા પિતાએ નિરાધાર નિસહાય જીવન વિતાવવું પડે છે.

અરજદારને પોતાની પુત્રી દરમાસે ૪૬,૭૦૦/- માસીક ભરણ પોષણ તથા મિલ્કતોનો દસ્તાવેજ રદ કરી પુનઃ પોતાના નામે ચઢાવવા પીટીશનમાં દાદ માંગેલ છે.

અરજદારે સદરહુ બાબતની ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા પ્રયત્ન કરતા પોલીસે ઉચ્ચ અધિકારીના શેહમાં આવી ફરીયાદ લેવા ઈન્કાર કરી દીધેલ જે શરમજનક ઘટના ગણાય પોલીસે જો દરમીયાનગીરી કરી હોતતો વૃદ્ધાને ઢળતી ઉંમરે પોતાના સંતાન સામે પીટીશન કરી કોર્ટના ઘરમ ધક્કા ખાવાના પડત? કોર્ટોમાં આવા કેસમાં મુદ્દતો પડતા વૃદ્ધાને ન્યાય મેળવવામાં વિલંબ થતા કાયદાનો મૂળભૂત હેતુ પણ માર્યો જાય છે. જે શરમજનક ઘટના સમાજ માટે લાંચ્છન સમાન છે પોતાનું બધું જ સંતાનને સોંપતા પહેલા માતા-પિતાએ સો વખત વિચારવાનું રહ્યું.

ઉપરોક્ત બનાવની હતપ્રત વૃદ્ધાએ બંધારણની વરિષ્ટ નાગરિકોની ભરણપોષણ અને કલ્યાણ બાબતની કાયદાની કલમ ૪,૫,૭,૮ અને ૯ માં જ વિશ્વાસ ના હોય સદરહુ કલમ તથા બંધારણનો કોઈ જ અર્થ ના હોય ગેરકાયદે અને ગેરબંધાણીય ઠરાવવા તથા સાથોસાથ મહેસૂલી અધિકારી તથા પોલીસ અધિકારીને આવા પ્રકારની ખાસ તાલીમ આપી બંધારણનું પાલન કરવા ફરજ પાડવા તથા આ કાયદા મુજબ અલગ ટ્રીબ્યુનલની રચના કરી પીડીતોને ન્યાય અપાવવા જાહેર હિતની અરજ ગુજારેલ છે જે આપણા સમાજ માટે શરમ જનક છે તથા સરકાર માટે ઘૃણાસ્પદ બાબત ગણાય સમાજમાં લાલબત્તી સમાન આ ઘટના ગણી નામદાર ગુજરાત હાઈકોર્ટે હુકમ કરવો જોઈએ તેવી લોકમાંગણી અને અવાજ ઉઠેલ છે.

તાજેતરમાં વૃધ્ધાશ્રમમાં મુકેલ માને મિલ્કત પોતાના નામે, ખાતે કરવા માત્ર બે મીનીટ માટે દસ્તાવેજમાં સહિ કરાવવા માટે સારૂ સારૂ બોલી વૃધ્ધાશ્રમમાંથી પોતાના ઘરે માને લઈ જઈ માત્ર બે જ મીનીટમાં સહિ કરાવી ધક્કા મારી કાઢી મુકી પુત્રએ કરોડો રૂપિયાની સંપતિ પોતાના પત્નિના નામે કર્યાનો બનાવ પણ બનવા પામેલ છે. જે આપણા સમાજ માટે શરમ જનક છે તથા સરકાર માટે ઘૃણાસ્પદ બાબત ગણાય સમાજમાં લાલબત્તી સમાન આ ઘટના ગણી શકાય.